# સણસોલી ગામ ખાતે કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા પ્રાકૃતિક ખેડૂત શિબિર અને નિદર્શન યોજાયા

આણંદ કૃષિ યુનિવર્સિટીના કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા મહેમદાવાદ તાલુકાના સણસોલી ગામે આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ તા. ૦૨/૧૧/૨૦૨૩ ના રોજ યોજાયેલ પ્રાકૃતિક કૃષિ માટેની તાલીમમાં ડૉ. ડી. બી. પ્રજાપતિ, સહ સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ અધિકારી, કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા હલકા ધાન્યો જેવાકે બાજરી, જુવાર અને નાગલી, બંટી, વરી વગેરે જેવા પાકોની અગત્યતા અને માનવ આહારમાં સમાવેશ માટે માર્ગદર્શન આપવામાં આવેલ હતુ. ડૉ. ભરતભાઇ ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણ શાસ્ત્રી દ્વારા પ્રાકૃતિક ખેતીના જીવામૃત અને તમાકુ ખાવાથી થતા રોગો અને કેન્સર વિશે માહિતી આપેલ હતી. આ ઉપરાંત જીવામૃત બનાવવાનું નિદર્શન આપેલ હતું. ડૉ. એમ. બી. ઝાલા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક ઉપસ્થિત રહી સર્વને પ્રેરીત કર્યા હતા, આ ખેડૂત શિબિરમાં સણસોલી ગામના ૧૫ પ્રગતિશીલ મહિલા ખેડૂતોએ ખૂબજ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો.



